જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૩ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૪૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૧૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૧૮/૨૦૨૫**

વાડજઃ હરગોવિંદભાઇ ભીખાભાઈ રબારી (રહે. એવી.એન.હાઉસ ગુજરાત વિધ્યાપીઠ પાસે આનંદ દાળવડાની બાજુમા ઈન્ક્મટેક્ષ) એ તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૫ રાતના ૧/૩૦ વાગ્યાથી સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા તથા મોબાઈલ ફોન નંગ–૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/– મળી કિમત રૂપિયા ૮૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૧૯/૨૦૨૫**

સેટેલાઈટઃ કૃણાલભાઇ કિરણભાઇ રાઠોડ (ઉ.વ.૪૫) (રહે. વિધ્યાનગર સોસાયટી ઉસ્માનપુરા ગાર્ડનની સામે ઉસ્માનપુરા) એ તા.૨૭/૧૦/૨૦૨૫ બપોરના ૪/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઇસ્કોન બ્રીજના છેડે મોન્ડીયલ હાઇટ્સ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમા રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– તથા એપલ કંપનીના હેડફોન કિમત રૂપિયા ૧૧,૦૦૦/–, રોકડ રૂપિયા ૫,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજ સાથેનું નાનું પાકીટ મળી કુલ રૂપિયા ૧,૬૬,૦૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ કૃણાલભાઇ રાઠોડ એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિજયભાઇ લઘુભાઇ ચલાવે છે.

કાલુપુરઃ રેખાબહેન વા/ઓ રમેશભાઇ પટણી (ઉ.વ.૩૫) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) એ તા.૨૭/૧૦/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૦/૨૦૨૫ સવાર ૦૫/૪૫ થી ૦૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગીતામંદીરથી શટલ ઓટોરીક્ષામાં બેસી મેઘાણીનગર પોતાના ઘરે જવા નિકળેલ હતા દરમ્યાન ઓટોરીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ અન્ય મુસાફરોએ રેખાબહેન પટણીની નજર ચુકવી થેલામાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– સાથેનું પર્સ ચોરી કરી લીધી હતી. ત્યારબાદ ઓટોરીક્ષા ચાલકે રેખાબહેન પટણીને કહેલ કે રીક્ષામા બેઠેલા બીજા મુસાફરને ઉતારીને પરત આવું છું તેમ કહી રેખાબહેન પટણીને કાલુપુર બીબીસી માર્કેટ ચાર રસ્તા નજીક રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૨૦/૨૦૨૫**

એલીસબ્રીજઃ ગૌતમ સ/ઓ અરવિંદભાઇ સોલંકી (ઉ.વ.૨૩) (રહે. મહેનતપુરા આંબેડકર કોલોની આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૫ રાતના ૧૦/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૦/૨૦૨૫ રાતના ૯/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રજાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

નિકોલઃ (૧) વસંતભાઇ રમેશભાઈ પટણી (ઉ.વ.૨૭) (રહે. પારંતી આવાસ યોજનાના મકાન કઠવાડા તા–દસ્ક્રોઇ જી–અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે સાતમાં માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.કે.પઠાણ ચલાવે છે.

નિકોલઃ (૨) હરકેશભાઇ જીવણભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. મોજાલાલ પાર્ક મકાઇ મીલ સામે કઠવાડા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

ઓઢવઃ ભાવેશ મદનલાલ લુહાર (ઉ.વ.૨૩) (રહે. ગીરીવર પ્રાઇડ સફારી હોટલ સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી